# કૃષિ વિકાસ માટે શ્રેણીબદ્ધ રાહત

## ખેડૂતોને સાત ટકા વ્યાજ ઉપર લોન અપાશે : ફાર્મ પ્રાઇઝ સ્ટેબિલાઇઝેશન માટે ૫૦૦ કરોડ જાહેર : એગ્રીકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ રચવા ૧૦૦ કરોડ



નવીદિલ્હી, તા.૧૦

નાણામંત્રી અરૂણ જેટલીએ બજેટ રજૂ કરતી વેળા કૃષિ ક્ષેત્રને પ્રાથમિકતા આપવાની જાહેરાત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, કૃષિ ક્ષેત્રમાં નવા પ્રાણ ફૂંકવાના હેતુસર પગલા લેવામાં આવી રહ્યા છે. જેટલીએ પ્રાઇઝ સ્ટેબિલાઈઝેશન ફંડની રચના કરી હતી જેનાથી ખેડૂતોને ફાયદો થશે. આ ઉપરાંત કૃષિ પેદાશ માટે રાષ્ટ્રીય માર્કેટ સ્થાપિત કરવાના પગલા લેવાની, સિંચાઈ સ્કીમોની, નવી કૃષિ યુનિવર્સિટી સ્થાપિત કરવાની, ખેડૂતો માટે માટી કાર્ડ, ગ્રામીણ ઈન્ટરનેટ કનેક્ટિવીટી સહિતના શ્રેણીબદ્ધ પગલાની જાહેરાત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમમાં ભારે ઉથલપાથલ ચિંતાજનક છે જેથી ફાર્મ પ્રાઈઝ સ્ટેબિલાઈઝેશનની જાહેરાત કરવામાં આવી રહી છે. આના માટે ૫૦૦ કરોડ રૂપિયા જાહેર કરાયા છે. ઓછા વરસાદની સ્થિતિમાં પણ કૃષિને કોઈ તકલીફ ન પડે તે માટે પગલાની જાહેરાત કરવામાં આવી છે. આના માટે રાજ્ય સરકારોને કૃષિ માર્કેટોને પ્રોત્સાહન આપવા પગલા લેવા જોઈએ. નેશનલ માર્કેટ સ્થાપિત કરવામાં આવશે. સ રકારે કૃષિ સપ્લાયચેનમાં મધ્યસ્થીઓ સામે લાલ આંખ કરી છે. સાથે સાથે સંગ્રહખોરો સામે પગલા લીધા છે. ખેડૂત અને રિટેલ કસ્ટમર વચ્ચે જુદા જુદા સ્તરે ગેરવાજબીરીતે ભાવ ન વધે તે માટે પગલા લેવાયા છે. સરકારે એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ રચવા ૧૦૦ કરોડની ફાળવણી કરી છે. વધુમાં તામિળનાડુ, આંધ્રપ્રદેશ, હરિયાણામાં કૃષિ અને હોર્ટિકલ્ચર યુનિવર્સિટીને પ્રોત્સાહન અપાશે. આના માટે ૨૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આસામ અને ઝારખંડમાં એગ્રો ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિમાં ઈન્ફ્રાસ્ટ્રકચરને પ્રોત્સાહન આપવા સરકાર દેશમાં વેરહાઉસિંગની ક્ષમતાને વધારવા ૫૦૦૦ કરોડ ફાળવશે. ખેડૂતોને તમામ પ્રકારની રાહત મળે તે માટે આ વર્ષ સુધી કિસાન ટેલિવિઝન શરૂ કરાશે. આનાથી અતિઆધુનિક કૃષિ વ્યવસ્થા અંગે અને હવામાન અંગે માહિતી મળશે. પ્રધાને કહ્યું હતું કે, નેશનલ રૂરલ ઈન્ટરનેટ અને ટેકનોલોજી મિશન માટે ૫૦૦ કરોડની ફાળવણી કરી છે. નાબાર્ડ મારફતે પાંચ લાખ જમીન વગરના ખેડૂતોને નાણા અપાશે. નાબાર્ડની અંદર લાંબા ગાળા માટે રૂરલ ક્રેડિટ ફંડની રચના કરવામાં આવશે. કિસાન ટીવીને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ખેડૂતોને લોન માટે ૮૦૦૦૦૦ કરોડ રૂપિયા અપાશે. ખેડૂતોને સાત ટકાના વ્યાજ ઉપર લોન ઉપલબ્ધ કરાવવામાં આવશે. માટી હેલ્થકાર્ડ માટે ૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

## બજેટ : શું મોંઘુ થયું

નવી દિલ્હી,તા.૧૦

નાણામંત્રી અરૂણ જેટલીએ વર્ષ ૨૦૧૪-૧૫ માટેનું બજેટ રજૂ કર્યુ હતું જેમાં અરૂણ જેટલીએ અચ્છે દિનનો અનુભવ થાય તે માટે પણ કેટલાક પગલાઓની જાહેરાત કરી હતી. આ ઉપરાંત કેટલીક ચીજવસ્તુઓ મોંઘી પણ કરવામાં આવી હતી. લોકોને આરોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુસર ધ્યાન આપવામાં આવ્યું છે. આજ કારણસર તમાકૂ સંબંધિત પ્રોડક્ટ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે જેથી આ ચીજવસ્તુઓ મોંઘી થઈ છે. કેટલીક ચીજવસ્તુઓ મોંઘી કરવામાં આવી છે જેનો ઉપયોગ સામાન્ય લોકો દ્વારા કરવામાં આવે છે જેમાં પાન-મસાલા અને સિગારેટનો સમાવેશ થાય છે. કોસ્મેટિક ચીજવસ્તુઓ પણ વધુ મોંઘી કરવાના હેતુસર ટેક્સમાં ફેરફાર કરવામાં આવ્યા છે. બજેટ બાદ જે ચીજો મોંઘી બની છે તે નીચે મુજબ છે.

- જુદા જુદા સિગારેટ
- સિગાર
- તમાકૂ સંબંધિત પ્રોડક્ટ
- પાન મસાલા
- વિદેશી શોપિંગ
- કોસ્મેટિક ચીજવસ્તુ
- બોટલમાં રહેલા જુદા જુદા જ્યુસ
- રેડીમેડ વસ્ત્રો
- રેડીમેડ વસ્ત્રો

# કલમ ૮૦સી હેઠળ રોકાણ મર્યાદાને ૧.૫ લાખ કરાઈ

નવી દિલ્હી,તા.૧૦

અર્થતંત્રમાં બચતને પ્રોત્સાહન આપવાના હેતુસર નાણામંત્રી અરુણ જેટલીએ તેમનું પ્રથમ બજેટ રજૂ કરતા મૂડીરોકાણની મર્યાદા કલમ ૮૦સી હેઠળ એક લાખથી વધારીને ૧.૫ લાખ કરી દીધી હતી. મૂડીરોકાણની મર્યાદામાં વધારો કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને મોટી રાહત થશે. હાલમાં મૂડીરોકાણ અને ખર્ચનો આંકડો ભારે મુશ્કેલી સર્જે તેવો હતો. ઉંચા ફુગાવાના કારણે અસર પામેલા લોકોને મુક્તિ મર્યાદામાં વધારો કરીને જરૂરી રાહત આપવામાં આવી છે. કલમ ૮૦સી, ૮૦સીસી, ૮૦સીસીસી હેઠળ ઓછી રાહત મળી રહી હતી. ટેક્સ મુક્તિ મર્યાદાને પ્રતિવાર્ષિક એક લાખથી વધારવાની માંગ બેંકરો અને વિમા કંપનીઓ દ્વારા કરવામાં આવી હતી. પરિવારની બચતને પ્રોત્સાહન આપવાના હેતુસર આ હિલચાલ ચાલી રહી હતી. બચતનો દર ૨૦૦૮માં જીડીપીના ૩૮ ટકા હતો જે ઘટીને ૨૦૧૨-૧૩માં ૩૦ ટકા થયો હતો. મુક્તિ મર્યાદામાં વધારાથી પગારદાર વર્ગને સીધી રાહત થશે. સરકારે આવાસ વ્યાજદર કપાત મર્યાદા પણ વધારી દીધી છે. આને પર્સનલ આવાસ લોન ઉપર ૧.૫ લાખથી વધારીને બે લાખ કરી દેવામાં આવી છે. વ્યક્તિગત કરદાતાઓને પણ રાહત આપવામાં આવી છે. જેટલીએ ઈન્કમટેક્સ મુક્તિ મર્યાદા ૬૦ વર્ષ સુધીના નાગરિકો માટે બે લાખથી વધારીને ૨.૫ લાખ કરી છે. સિનિયર સિટીઝનો માટે આ મર્યાદા ત્રણ લાખ



કરી દેવામાં આવી છે. જેટલીએ ટેક્સ રેટ યથાવત રાખ્યા છે. સરકારે પીપીપી બચત મર્યાદાને ૧.૧લાખથી વધારીને ૧.૫ લાખ કરી દીધી છે. નાણા મંત્રીએ કહ્યું હતું કે, ભારતના નાગરિકો માટે ઈપીએફઓની સુવિધા વધારવાના હેતુસર ઈપીએફઓ દ્વારા કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવશે. પીએફ, પીઓની રકમને જેમાં દાવા કરાતા નથી તે મામલે પેનલ રચવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે, આગામી ત્રણ ચાર વર્ષમાં જીડીપીના સાતથી આઠ ટકાના વિકાસદરનો હેતુ છે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, આગામી થોડાક વર્ષોમાં તમામ હેતુ પાર પાડવામાં આવશે. જેટલીના જણાવ્યા મુજબ બજેટ ૨૦૧૪ માત્ર અર્થતંત્રની રિકવરીની દિશામાં એક પગલા તરીકે નથી બલ્કે વાઈબ્રન્ટ ભારતના નિર્માણમાં અને કોઈ અડચણ રાખવા ઈચ્છતા નથી.

## બજેટ : શું સસ્તુ થયું

નવી દિલ્હી,તા.૧૦

નાણામંત્રી અરૂણ જેટલીએ વર્ષ ૨૦૧૪-૧૫ માટેનું બજેટ રજૂ કર્યું હતું જેમાં અરૂણ જેટલીએ અચ્છે દિનનો અનુભવ થાય તે માટે પણ કેટલાક પગલાઓની જાહેરાત કરી હતી જેના પગલે નીચે મુજબની ચીજવસ્તુઓ સસ્તી થશે

- ખાદ્ય તેલ
- વિવિધ પ્રકારના સાબુ
- સ્ટેનલેસ સ્ટીલની ચીજવસ્તુ
- ગ્લિસરીન
- ટીવી
- ૧૯ ઈંચથી ઓછી એલસીડી
- ૧૯ ઈંચથી ઓછા એલઈડી
- જુદા જુદા કોમ્પ્યુટર
- કોમ્પ્યુટરના જુદા જુદા પાર્ટ
- બીજા ઈલેક્ટ્રોનિક સામાન
- સોર ઉર્જા સંબંધિત સાધનો
- કપાસ
- મોબાઈલ ફોન, મોબાઈલ સિમ
- વિદેશથી ચીજવસ્તુઓ લાવવાની બાબત
- વિદેશથી ૪૫૦૦૦ સુધીની ચીજવસ્તુઓની ખરીદી પર ટેક્સ નહીં
- જુદા જુદા પ્રકારના ફુટવેર
- સીઆરટી ટીવી

# રેડિયો ટેક્સી પર સર્વિસ ટેક્સની જાહેરાત કરાઈ

નવી દિલ્હી,તા.૧૦

નાણાપ્રધાન અરૂણ જેટલીએ રેડિયો ટેક્સી સર્વિસ ઉપર સર્વિસ ટેક્સ લાદવાની દરખાસ્ત કરી હતી. આના પરિણામ સ્વરુપે ઓપરેશન માટે લોકોને વધુ નાણા ચુકવવા પડે તેવી શક્યતા છે. નાણા મંત્રીએ બજેટ રજૂ કરતી વેળા રેડિયો ટેક્સી સર્વિસ ઉપર સર્વિસ ટેક્સની જાહેરાત કરી હતી. નિષ્ણાતોનું કહેવું છે કે, આના કારણે ગ્રાહકો ઉપર વધારે બોજ આવશે. રેડિયો ટેક્સી સર્વિસના કારણે ટર્નઓવરનો આંકડો સરેરાશ રોજનો ચાર કરોડનો છે. ભારતીય ટેક્સી માર્કેટનું કદ ૩૬૦૦૦ કરોડનું છે.

## ચેતનાનો સમય (પાના નં. ૪ નું ચાલુ)

કેટલાક લોકો મગરનાં આંસુ પાડવામાં પારવધા હોય છે. એવી વ્યક્તિ વાત વાતમાં આંસુ સારે એટલે આપણે લાગણીવશ બની જઇએ છીએ અને જેવા આપણે લાગણીવશ બની ગયા એટલે તેના આંસુ અદૃશ્ય થઇ જશે અને પોતાનો સ્વાર્થ સાધી લેશે. એટલે ગઝલકાર કહે છે કે કોઇ આંસુ સારીને આવે તો તેની આંખમાંથી ખરેખર આંસુ ટપકે છે કે કેમ તેની ચકાસણી કરી જોજો.

કેટલાક લોકો નકસી આંસુ સારે છે તે આંખમાંથી ટપકતાં નથી પણ દિમાગમાંથી ટપકતા હોય છે.

છેલ્લી એક આવી જ કાંઇ ગઝલ છે,

'હાથ ચોળી ભભૂત કનરારા,

ખૂબ જોયા છે તૂત કરનારા'

આજકાલ ભગવા વસ્ત્રો ધારણ કરીને દાઢી અને માથાના વાળનું જંગલ બનાવીને જટાધારી બનીને ગળામાં જાડા જાડા મણકાની માળા પહેરીને હાથમાં ત્રિશુળ લઇને કપાળે ભભૂતી લગાડીને નીકળી પડે છે. કેટલાક ભલાભોળા લોકો આવા નકલી ભભૂતી કરીની નીકળી પડેલા બાવા સાધુઓની ચૂંગાલમાં ફસાઇ જાય છે એટલે ગઝલકાર આવા નકલી સાધુ બાવાથી ચેતતા રહેવાની વાત કરે છે. જો કે આપણે કુટુંબમાં, સમાજમાં પણ આવા કેટલાક લોકો જોઇએ છીએ જેઓ તોની વાણી - વર્ણન - વ્યવહારો આવા નકલી બાવા સાધુઓ જેવા હોય છે. તેના વ્યવહારોમાં સ્વાર્થની બદબૂ આવતી હોય છે. તેઓનાં નકલી વાણી વર્તન વ્યવહારથી ચેતતા રહેવાનો ગઝલકારે સંદેશો આપ્યો છે.

કેટલાક લોકો મગરનાં આંસુ પાડવામાં પારવધા હોય છે. એવી વ્યક્તિ વાત વાતમાં આંસુ સારે એટલે આપણે લાગણીવશ બની જઇએ છીએ અને જેવા આપણે લાગણીવશ બની ગયા એટલે તેના આંસુ અદૃશ્ય થઇ જશે અને પોતાનો સ્વાર્થ સાધી લેશે. એટલે ગઝલકાર કહે છે કે કોઇ આંસુ સારીને આવે તો તેની આંખમાંથી ખરેખર આંસુ ટપકે છે કે કેમ તેની ચકાસણી કરી જોજો.

કેટલાક લોકો નકસી આંસુ સારે છે તે આંખમાંથી ટપકતાં નથી પણ દિમાગમાંથી ટપકતા હોય છે.

છેલ્લી એક આવી જ કાંઇ ગઝલ છે,

'હાથ ચોળી ભભૂત કનરારા,

ખૂબ જોયા છે તૂત કરનારા'

આજકાલ ભગવા વસ્ત્રો ધારણ કરીને દાઢી અને માથાના વાળનું જંગલ બનાવીને જટાધારી બનીને ગળામાં જાડા જાડા મણકાની માળા પહેરીને હાથમાં ત્રિશુળ લઇને કપાળે ભભૂતી લગાડીને નીકળી પડે છે. કેટલાક ભલાભોળા લોકો આવા નકલી ભભૂતી કરીની નીકળી પડેલા બાવા સાધુઓની ચૂંગાલમાં ફસાઇ જાય છે એટલે ગઝલકાર આવા નકલી સાધુ બાવાથી ચેતતા રહેવાની વાત કરે છે. જો કે આપણે કુટુંબમાં, સમાજમાં પણ આવા કેટલાક લોકો જોઇએ છીએ જેઓ તોની વાણી - વર્ણન - વ્યવહારો આવા નકલી બાવા સાધુઓ જેવા હોય છે. તેના વ્યવહારોમાં સ્વાર્થની બદબૂ આવતી હોય છે. તેઓનાં નકલી વાણી વર્તન વ્યવહારથી ચેતતા રહેવાનો ગઝલકારે સંદેશો આપ્યો છે.

## સંરક્ષણઃ ૨.૨૯ લાખ કરોડની ફાળવણી થઈ

નવી દિલ્હી,તા. ૧૦

વિશ્વમાં બદલાઈ રહેલા પર્યાવરણ વચ્ચે સુરક્ષાના ક્ષેત્રે કોઈ બાંધછોડ નહીં કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. સેનાને આધુનિક બનાવવાની હિલચાલ રૂપે સરકારે બજેટમાં સંરક્ષણ માટે ૨.૨૯ લાખ કરોડની ફાળવણી કરી છે. છેલ્લા નાણાકીય વર્ષની સરખામણીમાં આમાં ૧૨.૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ઉપરાંત સંરક્ષણ ક્ષેત્રમાં એફડીઆઈની મર્યાદાને વધારીને ૨૬થી ૪૯ ટકા કરી દેવાઈ છે. ૨૦૧૩-૧૪માં ૨૦૩૬૭૨ કરોડ ફાળવાયા હતા. ફેબ્રુઆરીમાં વચગાળાના બજેટમાં ૨૨૪૩૦૦ કરોડ ફળવાયા હતા. જેટલીએ બજેટ રજૂ કરતા કહ્યું હતું કે, દેશના સંરક્ષણ સાથે કોઈ બાંધછોડ કરી શકાય નહીં જેથી ૨.૨૯ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નવી શસ્ત્ર વ્યવસ્થાની પ્રાપ્તિ માટે નાણા મંત્રાલય દ્વારા ૫૦૦૦ કરોડ વધુ ફળવાયા છે.

### ૧૧ વર્ષના લાંબા ગાળા બાદ ટ્રાયલ શરૂ કરાઇ

# મુંબઈને હચમચાવી મુકનાર ૩ બોંબ ધડાકામાં ટ્રાયલ શરૂ

મુંબઇ,તા. ૧૦

૧૧ વર્ષના લાંબા ગાળા બાદ દેશના વાણિજ્ય ાપાટનગર મુંબઇને હચમચાવી મુકનાર ત્રણ બોંબ બ્લાસ્ટ મામલે ટ્રાયલ શરૂ થઇ હતી. ૧૧ વર્ષ પહેલા વિલે પાર્લે સ્ટેશન, મુલુન્ડ ટ્રેન અને મેકડોનાલ્ડ આઉટલેટ ખાતે પ્રચંડ બ્લાસ્ટ થયા હતા. કારણ કે એક સાક્ષીએ પોટા કોર્ટમાં જુબાની આપી હતી. ડિસેમ્બર ૨૦૦૨ અને માર્ચ ૨૦૦૩ વચ્ચેના ગાળામાં આ બ્લાસ્ટ થયા હતા. મહારાષ્ટ્રમાં કોઈ પણ ત્રાસવાદી કેસમાં આ સૌથી લાંબી પેન્ડિંગ ટ્રાયલ છે. એક આરોપી મુઝામિલ અન્સર હજુ સળિયા પાછળ છે જ્યારે અન્ય ૧૭ જામીન પર છે.તેમની ધરપકડ થયાના એક વર્ષ અથવા તો બે વર્ષની અંદર જ જામીન મળી ગયા હતા.ગયા સપ્તાહમાં આ કોર્ટમાં આરોપો ઘડવામાં આવ્યા હતા. કુલ ૬૭૦ સાક્ષીઓ રહેલા છે. ગઈકાલે વિલે પાર્લે બ્લાસ્ટ કેસમાં કોર્ટ સમક્ષ ત્રીજા સાક્ષીએ જુબાની આપી હતી.



આરોપી સાકિબ નાચને હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીને સીબીઆઇ તપાસની માંગ કરી હતી. જો કે સુપ્રીમ કોર્ટે પોટા કોર્ટમાં જવા માટે તેને આદેશ કર્યો હતો.

કેટલાક આરોપી પૈકીના શખ્સો તરફથી કેસ હાથમાં લેનાર જમાત ઉલ ઉલેમાના વકીલ કહી ચુક્યા છે કે તેમના પર પોટા લાગુ થઈ શકે નહી.જાણકાર લોકો કહે છે કે ત્રાસવાદી કેસ ટ્રાયલના તબક્કામાં જો ૧૧ વર્ષે પહોંચે છે તો તારણ પર પહોંચવામાં વર્ષો લાગી શકે છે.

છટ્ઠી ડિસેમ્બર ૨૦૦૨ના દિવસે મુંબઇ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર મેકડોનાલ્ડ આઉટલેટ પર બ્લાસ્ટ થયો હતો.જયારે ૨૭મી ાજાન્યુઆરી ૨૦૦૩ના દિવસે વિલે પાર્લે સ્ટેશન ખાતે બ્લાસ્ટ થયો હતો. ૧૩મી માર્ચ ૨૦૦૩ના દિવસે મુલુન્ડ સ્ટેશન પર બ્લાસ્ટ થયો હતો. જેમાં ૧૧ના મોત થયા હતા. પોલીસે મોટી માત્રામાં વિસ્ફોટકો પણ કબજે કર્યા હતા. જેમાં જીવંત બોમ્બ અને પિસ્તોલનો સમાવેશ થાય છે.

# ચીનની સરહદ ઉપર સુરક્ષા વધારવા માટે ભારત તૈયાર

નવી દિલ્હી,તા. ૧૦

લડાખ સેક્ટરમાં ચીની સૈનિકોની વારંવાર ઘુસણખોરીને રોકવા માટે ભારતે હવે કમર કસી લીધી છે. ભારત ટુંક સમયમાં લડાખ મોરચે વધારાના જવાનો તૈનાત કરનાર છે. ચીની સરહદ પર સેના કઠોર વલણ અપનાવવા માટેની તૈયારીમાં છે. મળેલી ામાહિતી મુજબ આગામી થોડાક દિવસોમાં ચીની સરહદ પર માહોલ ગરમ થાય તેવી શક્યતા છે. લડાખ સેક્ટરની જવાબદારી સંભાળાનાર સેનાની ૧૪મી કોરે ચીની સેનાની વારંવાર ઘુસણખોરી અને આના કારણે થતા અપમાનને રોકવા માટે સૈનિકોને જુસ્સો વધારવા માટેની તૈયારી કરી છે. કઠોર કાર્યવાહી કરવાની મંજૂરી માંગવામાં આવી છે. અલબત્ત સુત્રોએ કહ્યું છે કે આગામી થોડાક દિવસમાં લડાખ ક્ષેત્રમાં ચીન સાથેની ૫૨૫ કિલોમીટર લાંબી સરહદ પર વાસ્તવિક રેખા અને અંકુશ રેખા પર ખાસ પગલા લેવાશે. વાંરવાર ઘુસણખોરી કરનાર ચીની સેનિકોની સામે કાર્યવાહીની મંજૂરી મામલે કોઈ વાત કરાઈ નથી. અત્રે નોંધનીય છે કે લડાખમાં ચીને અનેક સમસ્યા ઉભી કરી છે. જેમાં દમચોક, ચુમાર અને ચુશુલમાં ચીની સેનિકોની સતત ઘુસણખોરી થઈ રહી છે. ચીની સેનિકો ભારતને ઉશ્કેરી રહ્યા છે. છેલ્લા થોડાક મહિનાના ગાળમાંજ ચીની સેનિકો કેટલીક વખત ચુમારમાં ઘુસણખોરી કરી ચુક્યા છે. ગયા વર્ષે એક વખતે ચીની સેનિકો ૨૦ દિવસ સુધી જવાનો અને હથિયારો સાથે રહ્યા હતા.

ભારતીય સેનિકોને તેમના જ વિસ્તારમાં ૨૫ કિલોમીટર સુધી પાછળ હટી જવાની ફરજ પાડ્યા બાદ તેઓ પરત ગયા હતા. હવે આવી સ્થિતીને રોકવા માટે મોદી સરકાર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે સરહદ પર સુરક્ષામાં પહેલા વધારો કરાશે.

## લઘુકથા (પાના નં. ૪ નું ચાલુ)

શરૂઆતમાં ગામના ડોકટરોની સારવાર લેવામાં આવે છે પરંતુ ફેર પડતો નથી તેથી શહેરના મોટા ડોકટરને દેખાડવા આવે છે અને ડોકટર સાહેબ જણાવે છે કે બંને કિડની ફેઇલ થઇ ગઇ છે જે અંગે તાત્કાલિક યોગ્ય કરવામાં નહિ આવે તો તકલીફ વધી જશે; તેથી સગાવહાલાં, મિત્રો વગેરેને કિડની માટે વિનંતી કરવામાં આવતાં, કોઇની કીડની લાગુ પડતી નથી તેથી એક દિવસ ભાભી રોતા રોતા આવી, મારાં પગ પકડી, બાઇને બચાવવા વિનંતી કરવા લાગ્યા તેથી દીપુના કહેવાથી હું, ભાભી સાથે ગઇ, જયાં ડોકટરે તપાસ કરતાં મારી કિડની માન્ય રાખી અને મેં એક કિડની ભાઇને આપી. આમ હવે અમે ભાઇ-બહેન એક એક કિડની ઉપર છીએ. વાત સાંભળી, ફઇબાએ ફરીથી શાબાશી આપી અને જયંતીલાલને ત્યાં જાય છે.

ફઇબા ફરીથી જયંતિલાલને સમજાવે છે કે તારા પૈસા કામમાં આવ્યા નહીં. બધી જ વાતોને બાજુએ મુકી તારી બહેન તને કામમાં આવી. આખરે સગાં જ કામમાં આવે છે, માટે હવે પૈસાનો મોહ ઓછો કરી ધર્મ કે સેવામાં ધ્યાન આપ અને જીવન સાર્થક કર, ફઇબાના વેણની અસર થઇ અને ત્યારથી જયંતીલાલ ધર્મ ધ્યાનમાં સદાવ્રત કરતાં થઇ ગયા. કલકત્તા પાછા ફરતાં ફઇબાને મીરાં જણાવે છે કે દીપુને નોકરી કરતાં કરતાં અભ્યાસ પુરો કર્યો છે તે હવે એન્જીનીયર થઇ ગયો છે અને સારું ઘર મળતાં, લગ્ન કરવાનું વિચારીએ છીએ તો તેના લગ્નમાં જરૂરથી આવજો અને ફઇબા કલકત્તા પ્રસ્થાન કરે છે. હાલમાં બંને ભાઇ-બહેન એક એક કિડનીથી શેષ જીવન વ્યતીતત કરી રહ્યાં છે.

### દેશભરમાં ૨૪ કલાક વિજળીની પણ યોજના

## વિવિધ ક્ષેત્રોને ફાળવણી....

નાણામંત્રી અરૂણ જેટલીએ આજે વર્ષ ૨૦૧૪-૧૫ માટેનું સામાન્ય બજેટ રજૂ કર્યુ હતું જેમાં કયા ક્ષેત્રમાં કેટલી જોગવાઈ કરવામાં આવી તે નીચે મુજબ છે.

| ક્ષેત્ર | ફાળવણી (કરોડમાં) |
|---|---|
| વિસ્થાપિત કાશ્મીરી લોકોના પુનઃવસવાટ માટે | ૫૦૦ |
| યંગલીડર્સ પ્રોગ્રામ માટે | ૧૦૦ |
| ગંગા સફાઈ ઉપર અભ્યાસ માટે | ૧૦૦ |
| જમ્મુ કાશ્મીર રમત માટે | ૨૦૦ |
| મણિપુરમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટી માટે | ૧૦૦ |
| કોમનવેલ્થ ગેમ્સ ટ્રેનિંગ માટે | ૧૦૦ |
| પૂર્વોત્તર રાજ્યોમાં ઓર્ગેનિક ફાર્મિંગ માટે | ૧૦૦ |
| પૂર્વોત્તરમાં રેલના વિકાસ માટે | ૧૦૦૦ |
| નવી દિલ્હીમાં વોટર રિફોર્મ માટે | ૫૦૦ |
| દિલ્હીમાં વિજળી માટે | ૨૦૦ |
| નમામી ગંગે પરિયોજના માટે | ૨૦૩૭ |
| થઈ રહેલા નુકસાનને પહોંચી વળવા માટે | ૧૦૦ |
| ઐતિહાસિક સ્થળોના સંરક્ષણ માટે | ૨૦૦ |
| ધાર્મિક સ્થળ પ્રવાસને વધારવા માટે | ૧૦૦ |
| પાંચ ટ્યુરિસ્ટ સર્કિટ માટે | ૫૦૦ |
| નેશનલ પોલીસ મેમોરિયલ માટે | ૫૦ |
| નદીઓને જોડવા માટે | ૧૦૦ |
| નવ રેંક વન પેન્શન માટે | ૧૦૦૦ |
| વારાણસીમાં વણકરો માટે | ૫૦ |
| સંરક્ષણ ક્ષેત્ર માટે | બે લાખ ૨૯ હજાર કરોડ |
| હાઈવે નિર્માણ માટે | ૩૭૦૦૦ |
| થર્મલ પાવરની નવી ટેકનિક માટે | ૧૦૦ |
| રાજસ્થાન, તમિળનાડુ અને લડાખમાં સોર ઉર્જા માટે | ૫૦૦ |
| ખેડૂતો માટે માટી હેલ્થકાર્ડ માટે | ૧૦૦ |
| મોંઘવારી ઉપર અંકુશ માટે | ૫૦૦ |
| ખેડૂતોને લોન માટે | ૮૦૦૦૦૦ |
| નાબાર્ડ માટે | ૨૦૦ |
| ખેડૂત ટેલિવિઝન માટે | ૧૦૦ |
| વેરહાઉસ માટે | ૫૦૦૦ |
| અમદાવાદ-લખનૌ મેટ્રો માટે | ૧૦૦ |
| સસ્તા ઘર માટે | ૪૦૦૦ |
| મદરેસાઓના આધુનિકીકરણ માટે | ૧૦૦ |
| અનુસૂચિત જાતિના કલ્યાણ માટે | ૫૦૫૪૮ |
| સર્વ શિક્ષા અભિયાન માટે | ૨૮૬૩૫ |
| ગ્રામ માર્ગ યોજના માટે | ૧૪૩૮૯ |
| પ્રાથમિક શિક્ષણ માટે | ૨૮૦૦૦ |
| ગામડાઓ સુધી વિજળી પહોંચાડવા માટે | ૫૦૦ |
| સિંચાઈ યોજનાઓ માટે | ૧૦૦૦ |
| બેટી બચાવો, બેટી પઢોવો | ૧૦૦ |
| સ્માર્ટ શહેરો માટે | ૭૦૬૦ |
| સ્ટેચ્યુ ઓફ યુનિટિ માટે | ૨૦૦ |
| મહિલાઓની સુરક્ષા માટે | ૧૫૦ |
| ૧૬ નવા બંદર માટે | ૧૧૦૦૦ કરોડ |
| દિનદયાળ ઉપાધ્યાય વિજળી કરણ માટે | ૫૦૦ |
| જળમાર્ગ વિકાસ માટે | ૪૨૦૦ |
| છ નવા ટેક્સટાઈલ ક્લસ્ટર માટે | ૨૦૦ |
| દેશમાં સોઈલ ટેસ્ટિંગ લેબ માટે | ૫૬ |
| નેશનલ રૂરલ ડ્રિંકિંગ વોટર માટે | ૩૬૦૦ |
| ડિઝિટલ ઈન્ડિયા પ્રોગ્રામ માટે | ૫૦૦ |